૨૮૩૧૫

એ.પી.એલ.કેટેગરીમાં ઘઉના
વિતરણ ભાવ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ–૧૦૯૭–૨૯૨૫–ભાગ–૩–ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૫–૧૦–૨૦૧૦

આ મુ ખ :

હાલ એ.પી.એલ. કેટેગરી માટે ઘઉં પ્રતિ કિલોગ્રામ રુ.૭/–ના ભાવે વિતરણ કરવામાં આવે છે, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડનો વહીવટી ખર્ચ, ટ્રાન્સપોર્ટ ખર્ચ, લેબર અને વાજબી ભાવની દુકાનના સંચાલકને ચુકવવાના થતા કમિશનમાં વધારો થતાં ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડને ઘઉંની પડતર કિંમત રુ.૭–૫૦ પૈસા નકકી થવા દરખાસ્ત કરેલ છે. આથી એ.પી.એલ. કેટેગરી માટે ઘઉંનો વિતરણ ભાવ નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

૧. ઉકત વિગતો ધ્યાને લઈ એ.પી.એલ. કેટેગરી માટે ઘઉંનો વિતરણ ભાવ પ્રતિ કિલો રુ.૭–૫૦ પૈસા આથી ઠરાવવામાં આવે છે.
૨. આ ઠરાવનો અમલ તારીખ. ૧–૧૧–૨૦૧૦ થી કરવાનો રહેશે.

સદરહું ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકના ફાઈલ ઉપર નાણાં વિભાગની તારીખ. ૮–૯–૨૦૧૦ ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મુકેશ મોદી )
નાયબ સચિવ,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ.
ગુજરાત સરકાર.

–૨–

પ્રતિ,

(૧) માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માનનીય મંત્રીશ્રી (અન્ન, ના.પુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) સર્વે માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન.સંસદીય સચિવશ્રી (અન્ન,ના.પુ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
(૬) સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૭) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર.જરુરી કાર્યવાહી માટે.
(૮) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ, ગાંધીનગર.
(૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૧૧) તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૧૨) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
(૧૩) સર્વે જિલ્લા પુરવઠા અધિકરીશ્રીઓ.
(૧૪) અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ.
(૧૫) સર્વે મામલતદારશ્રીઓ. (જી.પુ.અધિ.શ્રી મારફત -૨૦ નકલો સહિત)
(૧જ્ઞ) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.
(૧૭) નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.
(૧૮) સીલેકટ ફાઈલ.

# રાજ્યના તમામ રેશનકાર્ડ ધારકો જોગ અગત્યની સૂચના

આથી રાજ્યના રેશનકાર્ડ ધારકોને જણાવવામાં આવે છે કે, આપનું માન્ય રેશનકાર્ડ જે વાજબી ભાવની દુકાન સાથે જોડાયેલ હોય તે દુકાન પરથી રેશન કાર્ડની કેટેગરી પ્રમાણે તા. ૦૧/૧૧/૨૦૧૦થી દર માસે નીચે મુજબની આવશ્યક ચીજ વસ્તુઓ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નીચે દર્શાવેલ ભાવ-પ્રમાણથી આપવામાં આવશે. આ અંગે અન્ય સૂચના ન મળે ત્યાં સુધી આ ભાવ અને વિતરણ પ્રમાણ અમલમાં રહેશે.

**અ.નં. ૧ / અંત્યોદય કાર્ડધારક**

| વસ્તુ | મળવાપાત્ર વ્યક્તિદીઠ | જથ્થો કાર્ડદીઠ મહત્તમ | ભાવ |
|---|---|---|---|
| ફોર્ટીફાઈડ આટો | - | ૧૯.૦૦ કિ.ગ્રામ | રૂા. ૩૮.૦૦ પ્રતિ બેગ |
| ચોખા | - | ૧૬.૦ કિ.ગ્રામ | રૂા. ૩.૦૦ પ્રતિ કિ.ગ્રા. |
| ખાંડ | ૫૦૦ ગ્રામ | | રૂા. ૧૩.૫૦ પ્રતિ કિ.ગ્રા. |
| આયોડાઈઝ મીઠું | -- | ૧.૦ કિ.ગ્રામ | રૂા. ૧.૦૦ પ્રતિ કિ.ગ્રા. |

**અ.નં./૨ બી.પી.એલ. કાર્ડધારક**

| વસ્તુ | મળવાપાત્ર વ્યક્તિદીઠ | જથ્થો કાર્ડદીઠ મહત્તમ | ભાવ |
|---|---|---|---|
| ફોર્ટીફાઈડ આટો | - | ૧૩.૦૦ કિ.ગ્રામ | રૂા. ૨૬.૦ પ્રતિ બેગ |
| ચોખા | ૧ કિ.ગ્રામ | ૩.૫૦૦ કિ.ગ્રામ | રૂા. ૩.૦૦ પ્રતિ કિ.ગ્રા. |
| ચોખા (સ્પેશીયલ) | -- | ૪.૫૦૦ કિ.ગ્રામ | રૂા. ૭.૦૦ પ્રતિ કિ.ગ્રા. |
| ઘઉં | -- | ૧૦.૦૦ કિ.ગ્રામ | રૂા. ૭.૫૦ પ્રતિ કિ.ગ્રા. |
| ઘઉં (સ્પે.એડહોક) | - | ૪.૦૦ કિ.ગ્રામ | રૂા. ૫.૪૦ પ્રતિ કિ.ગ્રામ |
| ખાંડ | ૫૦૦ ગ્રામ | | રૂા. ૧૩.૫૦ પ્રતિ કિ.ગ્રા. |
| આયોડાઈઝ મીઠું | -- | ૧.૦૦ કિ.ગ્રામ | રૂા. ૧.૦૦ પ્રતિ કિ.ગ્રા. |

**અ.નં./૩ એ.પી.એલ. કાર્ડધારક**

| વસ્તુ | મળવાપાત્ર વ્યક્તિદીઠ | જથ્થો કાર્ડદીઠ મહત્તમ | ભાવ |
|---|---|---|---|
| ઘઉં | ૨.૫૦૦ કિ.ગ્રા. | ૧૦.૦૦ કિ.ગ્રા. | રૂા. ૭.૫૦ પ્રતિ કિ.ગ્રા. |
| ચોખા | -- | ૧.૦૦ કિ.ગ્રા. | રૂા. ૧૦.૦૦ પ્રતિ કિ.ગ્રા. |

ઉપરોક્ત જથ્થા ઉપરાંત રેશનકાર્ડ ધારકોને નીચે મુજબનો વધારાનો જથ્થો મળવાપાત્ર છે.

**અ.નં./૪ તમામ કાર્ડધારકો (અંત્યોદય, બીપીએલ, એપીએલ)**

| વસ્તુ | મળવાપાત્ર વ્યક્તિદીઠ | જથ્થો કાર્ડદીઠ મહત્તમ | ભાવ |
|---|---|---|---|
| ઘઉં | - | ૧૦.૦૦ કિ.ગ્રા. | રૂા. ૧૦.૫૦ પ્રતિ કિ.ગ્રા. |
| ચોખા | -- | ૨.૦૦ કિ.ગ્રા. | રૂા. ૧૪.૫૦ પ્રતિ કિ.ગ્રા. |

**અ.નં./૫ રાંધણ ગેસ નહિ ધરાવતા તમામ રેશનકાર્ડધારક**

| વસ્તુ | મળવાપાત્ર વ્યક્તિદીઠ | જથ્થો કાર્ડદીઠ મહત્તમ | ભાવ |
|---|---|---|---|
| કેરોસીન | ૨ લીટર | ૧૨ લીટર | સ્થાનિક રીતે કલે.શ્રીએ નક્કી કરેલ રાહત દરે. |

રાજ્યના રેશનકાર્ડ ધારકોને જણાવવાનું કે, આપને મળવાપાત્ર જથ્થો આપનું રેશનકાર્ડ જે દુકાન સાથે જોડાયેલ હોય તે વાજબી ભાવની દુકાન પરથી દર માસે મળવાપાત્ર થાય છે. આ અંગે આપને કોઈ ફરિયાદ, રજુઆત, કે સૂચન હોય તો ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ પર જાણ કરવા વિનંતી છે.

સહી/-
સંયુક્ત નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

માહિતી/૧૫૭૨/૧૦-૧૧